**ખા. ફોજ. કે. નં. - ૫૦૨૮૦/૨૦૧૮**

**આંક-૧ હેઠળ હુકમ**

સદર કામનુ રેકર્ડ ધ્યાને લીધુ. સદર કામ નેગો. કાયદા અન્વયે નોંધાયેલ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરતાં આરોપીને સમન્સ કાઢવામાં આવેલ. જે સમન્સ બજેલ પરત આવતા અને આરોપી હાજર ના રહેતા જામીનલાયક વોરંટ કાઢવામાં આવેલ ત્યારબાદના વારંવાર ના જામીનલાયક વોરંટ પરત ફરેલ નથી અને સદર કામ ટ્રાન્સફર થી અત્રેની અદાલત માં આવતા ફરીયાદીને હાજર રહેવા નોટીસ કાઢવામાં આવેલ જેઆંક-૮ વાળી નોટીસ વગર બજે પરત આવતા ફરીથી નોટીસ કાઢવામાં આવેલ જે આંક-૯ વાળી નોટીસ પણ વગર બજે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદી હાજર રહી આગળ ની કોઇ કાર્યવાહી કરેલ નથી. તેથી આ કેસ ની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસ માં કોઇ પ્રોગ્રેસ નથી. આજરોજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ની ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટીના પત્ર નં. ૫૭/૨૦૨૪ અને ૬૨/૨૦૨૪, તા. ૯/૦૧/૨૦૨૪ ના અનુસંધાને નામ. જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ના કચેરી આદેશ નં. ૬૮/૨૦૨૪ થી અત્રેની અદાલત માં સ્પેશ્યલ સીટીંગ નુ આયોજન કરેલ છે. તેમાં તમામ મ્રુતપાય કેસો (ડેડવુડ) કેસો આઇડેન્ટીફાઇ કરી ડીસ્પોઝ કરવા જણાવવા મા આવેલ છે. સદર કામ સને ૨૦૧૮ ના વર્ષ નુ છે. હાલ ના કેસ માં ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીક માં ભવિષ્ય માં આગળ ચાલી શકે તેની કોઇ શક્યતા જણાતી નથી તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઇ ફળદાયક પરીણામ મળવાની શક્યતા નથી. કારણ કે, ફરીયાદીએ જણાવેલ સરનામે આરોપી ને પ્રોસેસ બજતા નથી. તેમજ ફરીયાદી પણ નિયમીતપણે હાજર રહેતા ના હોય, નવુ સરનામું રજુ કરેલ ના હોય તે તમામ હકીકતો ધ્યાને લઇ કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ-૨૫૬ અન્વયે રદ્દ કરવા હુકમ કરવા માં આવે છે.

હુકમ આજરોજ તા. ૯મી માહે માર્ચ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૪
સુરત

(જીતેન્દ્ર પ્રભુદાસ પ્રજાપતિ)
GJ01121
૧૭મા એડી. ચીફ જ્યુડી. મેજી., સુરત.